Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ છઠ શનિવાર ૬ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૧

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે દક્ષિણ ગુજરાત માટે ૧૮,૭૭૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં મોદીએ પર્યાવરણનો મહિમા જણાવ્યો

ઈકોનોમી-ઈકોલોજીથી દેશ ગ્રીન ગ્રોથમાં અગ્રેસર

આજે વિશ્વના ટોચના 5 સોલાર એનર્જી ઉત્પાદક દેશમાં ભારત સામેલ છે

કચરામાંથી કંચનનું આપણું અભિયાન શહેરોને સ્વચ્છ રાખવા માટે ઉપયોગી સાબિત થઈ રહ્યું છે

વિકાસ પ્રકલ્પોથી ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતા વધવાની સાથે સંરણના લક્ષ્યાંકો પણ હાંસલ કરી શકાશે

સુરત : આજે વિશ્વના દેશો પર્યાવરણ સુરક્ષા અને 'ગ્રીન ફ્યુચર' તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે ભારત પણ 'ઈકોનોમી' અને 'ઈકોલોજી'ના સમન્વય સાથે 'ગ્રીન ગ્રોથ'ની દિશામાં અગ્રેસર બની રહ્યું છે. આ દિશામાં ગુજરાતે આ સદીના પ્રારંભે દેશમાં સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી હતી અને પાટણના ચારણકામાં ભારતનો પ્રથમ સોલાર પાર્ક સ્થાપીને દેશને દિશા ચીંધી હતી. પ્રકૃતિ સાથે પ્રગતિનો મંત્ર અપનાવી વિકાસની વાટ પકડી છે. છેલ્લા ૧૨ વર્ષથી સમગ્ર દેશમાં 'વેસ્ટ ટુ વેલ્થ' ના ધ્યેય સાથે 'કચરામાંથી કંચન' એટલે કે કચરાનું સંપત્તિમાં મોટા પાયે પરિવર્તન કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન આપણા શહેરોને સાફ રાખવા અને તેમને હરિયાળા તથા સ્વચ્છ બનાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. આજે ભારત વિશ્વના ટોચના 5 સોલાર એનર્જી ઉત્પાદક દેશોમાં સામેલ છે, જેમાં ગુજરાતનું યોગદાન અત્યંત મહત્વનું છે. દેશની કુલ રિન્યુએબલ એનર્જી કેપેસિટીમાં ગુજરાતનો હિસ્સો ૨૦ ટકા જેટલો છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું.

મોદીએ આજે બપોરે સુરત એરપોર્ટ પર આવી ત્યાંથી સીધા હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો (L|T) પ્લાન્ટની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ તૈયાર થઈ રહેલા અત્યાધુનિક સંરક્ષણ અને ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં મોદી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના 7 જિલ્લાઓ માટે અંદાજીત રૂ.18,778 કરોડના વિવિધ 8 વિભાગોના 24 વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. આ મેગા પ્રોજેક્ટ્સમાં રૂ.13,926 કરોડના મહત્વકાંક્ષી કાર્યોનું લોકાર્પણ અને રૂ.4,852 કરોડના વિવિધ 5 પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

■ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દમણમાં એરપોર્ટ અને હોસ્પિટલના ઉદ્ઘાટન પહેલા રોડ શો કર્યો હતો. પ્રશાસક પ્રફુલભાઇ પટેલ દ્વારા દમણ કોસ્ટગાર્ડ એર સ્ટેશન ખાતે મોદીનું સ્વાગત કરવામાં આવ્યા બાદ વડાપ્રધાનનો કાફલો એરપોર્ટ રોડ, મશાલચોક અને તીનબત્તી માર્ગે નમો એરપોર્ટ પહોંચ્યો હતો. માર્ગ દરમિયાન વિવિધ સ્થળોએ દમણમાં વસતા વિવિધ સમાજોના લોકો દ્વારા પરંપરાગત ઢબે સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે વિશ્વ પર્યાવરણના દિવસના અવસરે સુરતમાં ઈન્ડોર સ્ટેડિયમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના દક્ષિણ ગુજરાત માટેના રૂપિયા રૂ.૧૮,૭૭૮ કરોડના 24 વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં વડાપ્રધાને કહ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સથી માત્ર ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતામાં જ વધારો નહીં થાય, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના લક્ષ્યોને પણ હાંસલ કરવામાં મદદ મળશે.

વર્તમાન દાયકો વિશ્વ માટે આપત્તિનો દાયકો સાબિત થઈ રહ્યો છે: મોદી

મોદીએ કહ્યું હતું કે, વર્તમાન દાયકો સમગ્ર વિશ્વ માટે આપત્તિનો દાયકો સાબિત થઈ રહ્યો છે. વિકટ કોરોના સંકટ અને ત્યારબાદ વિવિધ દેશો વચ્ચે યુદ્ધો ફાટી નીકળ્યા અને હવે વિશાળ ઉર્જા સંકટે સમગ્ર વિશ્વને અવ્યવસ્થામાં ધકેલી દીધું છે. પરંતુ કેન્દ્ર સરકારે ઉર્જા સપ્લાય ચેનને ખોરવાવા દીધી નથી. ૧.૪ અબજ ભારતીયોના સામૂહિક પ્રયાસોથી દેશ આવા દરેક સંકટનો મજબૂતીથી સામનો કરી રહ્યો છે.

હજીરા મેરીટાઇમ હબ તરીકે ઉભર્યું છે, ગ્રીન સ્ટીલ ઉત્પાદ પણ ઓળખ બનશે

આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સુરતનું હજીરા આજે મેરીટાઈમ હબ અને ડિફેન્સ પ્રોડક્શનના ગ્લોબલ સેન્ટર તરીકે ઉભરી રહ્યું છે. અહીં વૈશ્વિક વ્યાપારની ઇકોસિસ્ટમ નિર્માણ પામી છે, હજુ પણ ઉજળી તકો છે. હવે હજીરાના ઉદ્યોગો ગ્રીન સ્ટીલના ઉત્પાદન તરફ આગળ વધી રહ્યા છે જે ભવિષ્યમાં તેમની ઓળખ બનશે તેમણે જણાવ્યું હતુ કે, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને આધુનિક રેલવે નેટવર્ક દ્વારા આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોને પણ વિકાસની મુખ્ય ધારામાં જોડવામાં આવ્યા છે.

બંગાળની ચુંટણીની ચર્ચા દેશમાં જ નહી વિદેશમાં પણ થઇ રહી છે

દેશના નાગરિકો અનિશ્ચિતતા, અરાજકતા અને નિરાશાને ક્યારેય પસંદ નથી કરતા જેની સાબિતી પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં જોવા મળી હોવાનું જણાવી દેશના કરોડો નાગરિકો આગવા સંકલ્પોથી સિદ્ધિ મેળવવા પ્રતિબદ્ધ બને, દેશવાસીઓ બે કદમ આગળ વધે તો પોતે ત્રણ કદમ આગળ વધવા અને દેશવાસીઓની વિકાસની ઝંખના અને વિશ્વાસને પરિપૂર્ણ કરવા તત્પર છે એવી ખાતરી આપી હતી. બંગાળની ચુંટણીની ચર્ચા માત્ર દેશમાં જ નહી અન્ય દેશોમાં પણ થઇ રહી હોવાનો તેમણે દાવો કર્યો હતો.

ભારત સાથે યુદ્ધ રોકવા માટે અમે ટ્રમ્પના આજીવન આભારી રહીશું: પાક. પીએમ શરીફ

ઈસ્લામાબાદ, તા. 5 (PTI): પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે કહ્યું છે કે ભારત સાથે યુદ્ધવિરામ કરાવવામાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'સમયસરના' હસ્તક્ષેપ બદલ પાકિસ્તાન તેમનું 'આજીવન આભારી' રહેશે. ઈસ્લામાબાદમાં અમેરિકી એમ્બેસી દ્વારા અમેરિકી આઝાદીની 250મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે પાકિસ્તાન-અમેરિકાના સંબંધોને 8 દાયકા જૂના 'ખાસ સંબંધો' ગણાવ્યા હતા.

ગયા વર્ષે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા ત્રાસવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે શરૂ થયેલા ચાર દિવસીય સૈન્ય સંઘર્ષનો અંત લાવવામાં ટ્રમ્પે મહત્વની ભૂમિકા ભજવી હોવાનો શરીફે દાવો કર્યો હતો. શરીફે દાવો કર્યો કે પહેલગામ ઘટના પછી, પ્રમુખ ટ્રમ્પના નિર્ણાયક હસ્તક્ષેપને કારણે જ 10 મેના રોજ યુદ્ધવિરામ થયો હતો, જેનાથી દક્ષિણ એશિયામાં શાંતિ સ્થપાઈ હતી. ઉલ્લેખનીય છે કે, પહલગામ હુમલા બાદ ભારતે 7 મેના રોજ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠનો સામે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. ટ્રમ્પે પણ અગાઉ શાંતિ સ્થાપવાનો દાવો કર્યો હતો, જોકે ભારતે હંમેશાં ત્રીજા પક્ષની મધ્યસ્થતાના દાવાને નકારી કાઢ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે આ કરાર બંને દેશો વચ્ચે સીધો થયો હતો. વધુમાં, શરીફે પ્રાદેશિક મુત્સદ્દીગીરી અંગે જણાવ્યું કે પાકિસ્તાન હાલમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સંપર્ક વધારવામાં અને શાંતિ સ્થાપવામાં પણ ભૂમિકા ભજવી રહ્યું છે.

સરકારી જામીનગીરીઓના વેચાણ, વિનિમય વગેરેમાંથી થતા નફા પર કેપિટલ ગેઇન ટેક્સ નહીં ભરવો પડે, વ્યાજની આવક પર પણ કર ભરવો નહીં પડે

રૂપિયાને ટેકો આપવા બોન્ડ માર્કેટમાં વિદેશી રોકાણકારોને ટેક્સમાંથી સંપૂર્ણ મુક્તિ

આવકવેરા અધિનિયમનો આ સુધારો ૧ એપ્રિલથી અમલી ગણાશે

નવી દિલ્હી, 5 (PTI): સરકારે સરકારી જામીનગીરીઓ પરની વ્યાજની આવક અને મૂડી નફો પર વિદેશી રોકાણકારોને આવકવેરામાંથી મુક્તિ આપી છે. રૂપિયા પરના દબાણનો સામનો કરવા માટે વિદેશી મૂડી આકર્ષિત કરવાના હેતુથી આ પગલું ભરવામાં આવ્યું છે.

૫ જૂનના રોજ બહાર પાડવામાં આવેલા ગેઝેટ જાહેરનામા અનુસાર, સરકારે આવકવેરા અધિનિયમમાં સુધારો કરવા માટે એક વટહુકમ બહાર પાડ્યો છે. આ વટહુકમ હેઠળ ૧ એપ્રિલથી અમલમાં આવે તે રીતે સરકારી જામીનગીરીઓના વેચાણ, વિનિમય અથવા હસ્તાંતરણથી થતી વ્યાજની આવક અને મૂડીગત નફા પર કરમુક્તિ આપવામાં આવી છે. નિયત કરાયેલી માહિતી-રિપોર્ટિંગની જરૂરિયાતોને આધીન, આ મુક્તિ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) અને બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સ (BIS)ને લાગુ પડશે.

વિદેશી રોકાણકારો માટે ૧૨ મહિનાથી વધુ સમય માટે રાખવામાં આવેલા લિસ્ટેડ શેર્સ અને બોન્ડ્સ પર ૧૨.૫ ટકાનો લાંબા ગાળાનો કેપિટલ ગેઈન્સ ટેક્સ (LTCG) લાગે છે. તેઓ સરકારી બોન્ડ્સ પર કમાયેલા વ્યાજ પર ૨૦ ટકાનો વિથહોલ્ડિંગ ટેક્સ પણ ચૂકવે છે. દરમિયાન, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે વિદેશી મૂડીને આકર્ષવા અને બાહ્ય ધિરાણ બર્ફ્રસ્ને મજબૂત કરવાના હેતુથી શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી હતી, કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતા અને ઊંચી ઊર્જા કિંમતો ઉભરતા બજારો પર દબાણ લાવી રહી છે. મધ્યસ્થ બેંકે 'ફુલ્લી એક્સેસિબલ રૂટ' (FAR) હેઠળ પાત્ર સરકારી જામીનગીરીઓના દાયરાને વિસ્તૃત કર્યો છે, જેમાં ૧૫-વર્ષ, ૩૦-વર્ષ અને ૪૦-વર્ષના સાર્વભૌમ બોન્ડ્સના તમામ નવા ઈશ્યુઅન્સનો સમાવેશ થાય છે. RBIએ જનરલ રૂટ દ્વારા રોકાણ કરતા ફોરેન પોર્ટફોલિયો

...અનુસંધાન પાના 7 પર

સંસદનું સત્ર ચાલુ ન હોવાથી અને તાત્કાલિક પગલું જરૂરી હોવાથી વટહુકમ બહાર પડાયો

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હસ્તાક્ષર કરાયેલ વટહુકમ, BIS(બેંક ફોર ઇન્ટરનેશનલ સેટલમેન્ટ્સ)ને ૧૯૩૦ માં સ્થપાયેલી અને બેસેલ, સ્વિટ્ઝર્લેન્ડમાં મુખ્ય મથક ધરાવતી આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરે છે. તે ભારતીય કાયદા હેઠળ FIIs (ફોરેન ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ) અને સરકારી જામીનગીરીઓની હાલની વૈધાનિક વ્યાખ્યાઓનો પણ સંદર્ભ આપે છે. ગેઝેટ નોટિફિકેશનમાં જણાવાયું છે કે સંસદનું સત્ર ચાલુ ન હોવાથી અને તાત્કાલિક પગલાં લેવાની જરૂર હોવાથી આ વટહુકમ જરૂરી હતો, જેના માટે બંધારણની કલમ ૧૨૩ હેઠળ રાષ્ટ્રપતિની વટહુકમ બહાર પાડવાની સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વિદેશી રોકાણ આકર્ષવા RBI એક્શનમાં

નિર્દિષ્ટ સરકારી જામીનગીરીઓનો વ્યાપ વિદેશી રોકાણકારો સુધી વિસ્તૃત કરાયો

FPI રોકાણ પરના વિવિધ નિયંત્રણો દૂર કરાયા

મુંબઈ, 5 (PTI): વિદેશી મૂડીને આકર્ષવા માટે રિઝર્વ બેંકે શુક્રવારે અનેક પગલાંઓની જાહેરાત કરી છે, જેમાં નિર્દિષ્ટ સરકારી જામીનગીરીઓના દાયરાને વિદેશી રોકાણકારો સુધી વિસ્તૃત કરવાનો પણ સમાવેશ થાય છે. આરબીઆઈ(RBI)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, ફુલ્લી એક્સેસિબલ રૂટ (FAR)

...અનુસંધાન પાના 7 પર

ગગડી રહેલા રૂપિયાને પણ મજબૂતી મળવાની આશા

આ પાંચ પગલાંથી કેટલા પ્રમાણમાં ડોલરનો પ્રવાહ આવશે તે અંગે પૂછવામાં આવતા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આરબીઆઈ કોઈ ચોક્કસ રકમનો લક્ષ્યાંક નથી રાખી રહી. જો કે, તેમણે કહ્યું, અમે વિદેશી મૂડીના તંદુરસ્ત

...અનુસંધાન પાના 7 પર

મણિપુરમાં ફરી હિંસા: 1 મહિલા સહિત 3નાં મોત

ઈમ્ફાલ, તા. 5 (PTI): મણિપુરના કાંગપોકપી જિલ્લાના એક ગામમાં શુક્રવારે વહેલી સવારે સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા અંધાધૂંધ હુમલામાં એક મહિલા સહિત 3 લોકોનાં મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલો સવારે આશરે 4 વાગ્યે જિલ્લાના સાઈતુ-ગામફાઝોલ સબડિવિઝનના લોઈબોલ ખુલ્લેન ગામમાં થયો હતો.

હુમલા દરમિયાન હુમલાખોરોએ ગામના ઓછામાં ઓછા 7 મકાનોને પણ આગ લગાડીને રાખ કરી દીધા હતા. વિરોધી જૂથો વચ્ચે કેટલાય મિનિટો સુધી ચાલેલા સામસામે ગોળીબારમાં આ 3 લોકોનાં મોત થયાં હતાં, જેના કારણે જીવ બચાવવા માટે ગ્રામજનોને નજીકના જંગલ વિસ્તારોમાં આશરો લેવા ભાગવું પડ્યું હતું.

મૃતકોની ઓળખ લેતખોંગામ હાઓકિપ, તિનમેરી હાઓકિપ અને જંગમિનલાલ હાઓકિપ તરીકે થઈ છે. મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે આ હુમલાને 'ઘૃણાસ્પદ અને કાયરતાપૂર્ણ' ગણાવીને સખત શબ્દોમાં નિંદા કરી છે. તેમણે એક નિવેદનમાં કહ્યું કે, 'નિઃશસ્ત્ર નાગરિકોને જાણીજોઈને નિશાન બનાવવા તે બિલકુલ અસ્વીકાર્ય છે અને સરકાર આ બર્બર કૃત્ય માટે જવાબદારોને છોડશે નહીં.' મુખ્યમંત્રીએ રાજ્ય પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓને ગુનેગારોને વહેલી તકે પકડી પાડવા અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો છે.

ડેપ્યુટી સીએમ નેમચા કિપગેને પણ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે અને કહ્યું છે કે નિર્દોષોની હત્યા કરનારાઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યમાં કુકી આદિવાસીઓની સર્વોચ્ચ સંસ્થા 'કુકી ઈન્પી મણિપુર'એ પણ આ હુમલાની નિંદા કરીને આ મામલે તાત્કાલિક તપાસની માગ કરી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાજ દર યથાવત રાખ્યા

રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત

ન્યૂટ્રલ અભિગમ રાખવા પણ MPCનો સર્વસંમત નિર્ણય

મુંબઈ, 5 (PTI): રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ શુક્રવારે તેના બેન્ચમાર્ક રેપો રેટને અપેક્ષા મુજબ 5.25 ટકા પર યથાવત રાખ્યો છે. આ સાથે જ પશ્ચિમ એશિયાના લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષ, ઉર્જાના ઊંચા ભાવો અને વૈશ્વિક સપ્લાય-ચેઇનમાં અવરોધોને કારણે આર્થિક વૃદ્ધિ સામે વધી રહેલા જોખમો અને ફુગાવા વચ્ચે વિદેશી મૂડી આકર્ષવા અને રૂપિયાને ટેકો આપવા માટે શ્રેણીબદ્ધ પગલાંની

...અનુસંધાન પાના 9 પર

ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડીને ૬.૬ ટકા કરાયો

આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે તેની વૃદ્ધિની અપેક્ષાઓ ઘટાડી છે, જેમાં ૨૦૨૬-૨૭માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર 6.6 ટકા રહેવાનો

...અનુસંધાન પાના 7 પર

છેલ્લા ક્વાર્ટરમાં ભારતનો વિકાસ દર ૭.૮ ટકા રહ્યો

સમગ્ર નાણાકીય વર્ષ દરમ્યાન વિકાસ દર ૭.૬ ટકા થયો, તેના અગાઉના નાણાકીય વર્ષમાં ૭.૧ ટકા હતો

જો કે બાદમાં ઇરાન યુદ્ધની અસરો દેખાવા માંડતા ચાલુ નાણાકીય વર્ષમાં વિકાસની ગતિ ધીમી પડવાનો અંદાજ, હાલ ભલે બ્રેક લાગી, પણ નાણાકીય વર્ષ ૨૦૨૮માં ભારત ફરી ૭% થી વધુની ઝડપે દોડશે: CEA

નવી દિલ્હી, તા. 5 (PTI): તીવ્ર સ્થાનિક માંગ અને સરકારી ખર્ચને કારણે અંદાજો કરતાં વધુ દેખાવ કરીને જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ભારતનો આર્થિક વિકાસ દર (GDP) ૭.૮ ટકા નોંધાયો છે. જો કે, તે પછી તેલના વધતા ભાવો અને સપ્લાય-ચેઇનની અડચણોને લીધે ભવિષ્યના આઉટલુક પર ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે.

આ જીડીપી વૃદ્ધિ એક વર્ષ અગાઉના સમાન ગાળામાં ૭ ટકા અને અગાઉના ક્વાર્ટરમાં ૮ ટકા હતી. તંદુરસ્ત વપરાશ અને મજબૂત રોકાણ પ્રવૃત્તિના ટેકાથી સમગ્ર વર્ષનો વિકાસ દર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ૭.૧ ટકાથી વધીને ૭.૬ ટકા થયો છે. જાન્યુઆરી-માર્ચના ગાળામાં ઇરાનમાં યુદ્ધના કારણે ઊભી

...અનુસંધાન પાના 9 પર

તા. ૦૫-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન
મહત્તમ ૩૬.૦° સે. | લઘુત્તમ ૨૮.૭° સે. | ભેજ ૬૬%